**સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં ૩-૪, નવેમ્બર, ૨૦૧૫ ના રોજ કોન્ફરન્સ હોલ, સંશોધન નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે યોજાયેલ આયોજીત યોજનાઓની બીજી રીવ્યુ બેઠકની કાર્યવાહી નોંધ :**

---

વર્ષ ૨૦૧૫-૧૬ની આયોજીત યોજનાઓની પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે હિસાબ નિયામકશ્રી કચેરીના કાર્યાલય આદેશ નં. (૧) એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એલોકેશન/૪૦૧-૪૫૦/૧૫ તા.૦૬-૦૫-૨૦૧૫, (૨) નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એસ-૧/૮૬૭-૭૭/૧૫, તા.૨૬-૦૫-૨૦૧૫ અને (૩) નં. એએયુ/કોમ્પ્ટ/બજેટ/પ્લાન/અનાવર્તક/૮૩૪-૪૩/૧૫, તા.૨૬-૦૫-૨૦૧૫ થી રૂા.૫૨૯૮.૨૨ લાખની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, જેની સામે ઓક્ટોબર-૨૦૧૫ અંતિત થયેલ ખર્ચ અને યોજનાની કામગીરીની સમીક્ષા કરવા બીજી રીવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રસ્તુત બેઠકમાં આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને તેમના હસ્તકની યોજનામાં પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે જોગવાઈ સામે ૩૧ ઓક્ટોબર, ૨૦૧૫ સુધીમાં થયેલ ખર્ચ અને ૧ નવેમ્બર, ૨૦૧૫ થી ૩૧ માર્ચ, ૨૦૧૬ ના આયોજન તેમજ ભૌતિક પ્રગતિ અંગે નિયત પત્રક ૧ થી ૩ માં જરૂરી માહિતિ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ હતુ.

આયોજીત યોજનાઓની બીજી રીવ્યુ બેઠક ૩-૪ નવેમ્બર, ૨૦૧૫ના રોજ સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં કોન્ફરન્સ હોલ, સંશોધન નિયામકશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન, આણંદ ખાતે યોજવામાં આવેલ હતી.

આયોજન અધિકારીશ્રી દ્વારા સંશોધન નિયામકશ્રીની અનુમતિથી બેઠક શરૂ કરવામાં આવી તથા ઉપસ્થિત સંશોધન નિયામકશ્રી, સહ સંશોધન નિયામકશ્રી(કૃષિ), સહ સંશોધન નિયામકશ્રી(પશુ વિજ્ઞાન), હિસાબ નિયામકશ્રી, વિવિધ વિદ્યાશાખાના વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ, અન્ય યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તથા તમામ યોજનાના નિયંત્રણ અધિકારીઓને બેઠકમાં આવકારવામાં આવ્યા. આયોજન અધિકારી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માં આયોજીત યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ આખા વર્ષ માટેની હોઇ, તેને ધ્યાને લઇને ખર્ચનું આયોજન કરવા જણાવ્યુ. ઓક્ટોબર-૨૦૧૫ સુધીમાં ખાસ કરીને નોન-રીકરીંગ સદરે ઓછો ખર્ચ થયેલ હોઇ, રૂા.૫.૦૦ લાખથી ઓછી કિંમતના નોન-રીકરીંગ સદરના સાધનોની ખરીદી નવેમ્બર અંત સુધીમાં પૂર્ણ કરવા સુચના આપવામાં આવી તથા રૂા. ૫.૦૦ લાખથી વધુ કિંમતના સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ સાધનોની ખરીદી નિયામાનુસાર ઇ-ટેન્ડરથી સત્વરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી. આયોજીત યોજનાઓના હેતુઓ ધ્યાનમાં રાખીને તેને પુર્ણ કરવા તેને અનુરૂપ કામગીરી કરવા તથા તેને સંલગ્ન બાબતો માટે ખર્ચ કરવા સુચના આપવામાં આવી.

સંશોધન નિયામકશ્રી દ્વારા યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને તેમના હસ્તકની યોજનાઓમાં પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ક્વાર્ટરવાર સપ્રમાણ ખર્ચ થાય તેવું આયોજન કરવા અને મંજૂર થયેલ સાધનોની ખરીદી ચાલુ રેટ કોન્ટ્રાક્ટમાં પૂર્ણ થાય તેવુ આયોજન કરવા સુચના આપવામાં આવેલ. ઉપરાંત, નોન-રીકરીંગ સદરે વર્ષ ૨૦૧૪-૧૫ ના ખરીદી નહી કરેલ સાધનો માટે સ્પીલ ઓવર તરીકે ગ્રાન્ટ ફાળવેલ છે, જેની ખરીદી પણ સમય મર્યાદામાં પૂર્ણ કરવા સુચના આપવામાં આવી.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના અધિકારીશ્રી દ્વારા બેઠકમાં ખર્ચની માહિતિ રજૂ કરેલ હતી. જેમાં, આયોજીત યોજના ''સ્ટ્રેન્થનીંગ ઓફ ટેક્નોલોજીકલ રીસોર્સ સેન્ટર એન્ડ એજ્યુકેશનલ મ્યુઝીયમ એટ એએયુ'' બ.સ.૧૨૯૯૪-૦૧ માં રીકરીંગ સદરે ફાળવેલ રૂા.૮૦.૦૦ લાખમાંથી રૂા. ૯.૫૪ લાખનો જ ખર્ચ થયેલ છે. સદર યોજનામાં રીકરીંગ સદરે રૂા.૮૦.૦૦ લાખની જોગવાઈ અંદાજપત્ર ૨૦૧૫-૧૬માં કરવા અંગે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા પત્રથી જણાવેલ હતુ. જેથી, સદર યોજનામાં વર્ષાન્તે (માર્ચ ૨૦૧૬) સુધીમાં સંપૂર્ણ ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવા સુચના આપવામાં આવી.

કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય ગોધરાની કચેરીના અધિકારીશ્રી દ્વારા બેઠકમાં ખર્ચની માહિતિ રજુ કરેલ હતી. જેમાં ખાસ કરીને રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે તમામ બજેટ સદરો (૧૨૯૮૭-૦૧, ૧૨૯૯૩-૧૦, ૧૨૯૯૩-૧૧ તથા ૧૨૯૯૩-૧૨) માં ખૂબ જ ઓછો ખર્ચ તેમજ અમુક યોજનામાં નજીવો ખર્ચ થયેલ હોઈ, વર્ષાન્તે (માર્ચ ૨૦૧૬) સુધીમાં સંપૂર્ણ ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવા સુચના આપવામાં આવી.

પ્લાન યોજના “સેન્ટર ફોર એડવાન્સ રીસર્ચ ઈન પ્લાન્ટ ટીસ્યુકલ્ચર” બ.સ.૧૨૯૯૩-૧૭ માં નોન-રીકીરંગ સદરે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂા.૩૫.૦૦ લાખનું બાયોરીએક્ટર સાધન મંજુર થયેલ છે. સદર સાધનની ખરીદી પ્રક્રિયા ઈ-ટેન્ડરીંગ દ્વારા કરતાં, રૂા.૪૫.૪૦ લાખ ભાવ આવેલ છે. યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર સાધનની જરૂરિયાત ધ્યાને લઈને ખરીદવું જરૂરી હોય અને વધારાની ગ્રાન્ટ ની માંગણી કરેલ અને જો વધારાની ગ્રાન્ટ ઉપલબ્ધ ન હોય તો પ્રસ્તુત યોજનાની રીકરીંગ કન્ટીજન્સીમાંથી ગ્રાન્ટની ફાળવણી કરવાની થાય છે. જે ધ્યાને લઈને, પ્રસ્તુત સાધનની ખરીદી માટે રીકરીંગ સદરે ફાળવેલ ગ્રાન્ટ રૂા.૩૦.૦૦ લાખમાંથી રૂા.૧૦.૫૦ લાખ સદર સાધનની ખરીદી માટે નોન-રીકરીંગ સદરે ૧૦.૫૦ લાખ ફાળવવાના થાય છે, જે અંગે માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને આગળની કાર્યવાહી કરવાની રહેશે.

''ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી'' ના વિદ્યાશાખાધ્યાક્ષશ્રીની રજૂઆત અનુસાર બ.સ.૧૨૯૪૫-૦૦ ની યોજનામાં ''લાઈન કન્ડીશનીંગ વીથ પાવર બેકઅપ સીસ્ટમ'' માટે ચાલુ વર્ષમાં રૂા.૧૩.૦૦ લાખની જોગવાઈ મંજુર થયેલ છે. સદરહું સાધનના ઈ-ટેન્ડરીંગ કરતાં ભાવ રૂા.૨૦.૦૦ લાખ આવેલ છે. આથી, પ્રસ્તુત સાધન માટે વધારાના રૂા.૭.૦૦ લાખ ફાળવવાના થાય છે. ઉપરાંત બ.સ. ૧૨૯૫૦-૦૦ માં ''સોલર પીવી સીસ્ટમ'' માટે રૂા.૨૦.૦૦ લાખની જોગવાઈ મંજુર થયેલ છે. જેના ઈ-ટેન્ડરીંગના ભાવ રૂા.૧૪.૦૦ લાખ હોઈ સદરહું સાધન માટે રૂા.૬.૦૦ લાખ ઓછા ફાળવવાના થાય છે. પ્રસ્તુત બન્ને સાધનોની ફેરફાળવણી અંગે માન.કુલપતિશ્રીની મંજુરી મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

આમ, આયોજીત યોજનાઓમાં યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફથી જે તે બજેટ સદરની પરત આવેલ ગ્રાન્ટ અને યોજનાઓની આવક ધ્યાને લઈ, યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓની માંગણી તેમજ ગ્રાન્ટની ઉપલબ્ધતા અનુસાર, બીજી રીવ્યુ બેઠકના અંતે ગ્રાન્ટની ફેરફાળવણી કરવાની થાય છે અને તે મુજબ ખર્ચ થાય તેવું આયોજન કરવા બેઠકના અંતમાં સુચના આપવામાં આવી.

અંતમાં, ઉપસ્થિત સહુનો આભાર માની બેઠક સમાપ્ત કરવામાં આવી.

(signature)

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/સંશોધન/અયન-૨/ ૭૮૨૦ /૧૫
તા.૭ /૧૧/૨૦૧૫

સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

<u>નકલ સવિનય રવાના :</u>

૧. આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
૨. આ.કૃ.યુ.ના સર્વે આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.

<u>નકલ રવાના :</u>

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.